# મહેસાણા જિલ્લાનાં હજારો સ્થળોએ 5.35 લાખ લોકો બન્યા યોગમય











મહેસાણા જિલ્લામાં આવેલી ઐતિહાસિક તેમજ રાષ્ટ્રીય સ્તરે પ્રતિકાત્મક સ્થળ મોઢેરા સૂર્યમંદિર ખાતે ૨૧મી જૂનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસની જિલ્લા કક્ષાની ઉજવણી કરવામ આવી હતી. કેન્દ્રીયમંત્રી પરસોત્તમ રૂપાલા, આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલ, પશુપાલનમંત્રી દેવાભાઇ માલમ તેમજ સાંસદ શારદાબેન પટેલ સહિત ૫ હજારથી વધુ લોકો યોગ અભ્યાસમાં જોડાયા હતા. ઉલ્લેખનીય છે કે, જિલ્લામાં 'માનવતા માટે યોગ' થીમ પર આયોજિત આંતરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી મોઢેરા સૂર્ય મંદિર ઉપરાંત બેચરાજી મંદિર, વડનગરના કિર્તીતોરણ, તારંગા હિલ, ધરોઇ ડેમ સહિત ૨,૬૩૮ સ્થળોએ કરાઇ હતી. જેમાં જિલ્લામાં તાલુકાકક્ષાના ૫,૦૦૦ અને સાત નગરપાલિકાઓના ૩,૫૦૦ નાગરિકોએ યોગ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. જ્યારે જિલ્લાની તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં ૩,૩૬,૦૦૦ વિદ્યાર્થીઓ સહિત જિલ્લામાં અંદાજે ૫,૩૫,૮૦૦ યોગ અભ્યાસુ જોડાયા હતા. આ ઉજવણીમાં પોલીસ સહિત વિભાગના અધિકારીઓ અને કર્મચા તેમજ શાળા-કોલેજના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

નવગુજરાત સમય